જન્મદિને વધામણી

નિમિષ વ્યાસ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, મો. ૯૯૦૯૯ ૪૬૦૬૪

માધવી નિમિષ વ્યાસ

મિત્તલ રાણા
પૂર્વ ખજાનચી, લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર

પ્રવીણચંદ્ર પ્રતાપરાય જોષી
મો. ૯૪૨૯૫ ૨૩૨૪૧

જતિન પટેલ
મો. ૯૮૯૮૧ ૬૨૯૧૯

કવિતાબેન આસોડીયા
મો. ૯૧૦૪૧ ૯૫૪૦૦

અજયકુમાર વિષ્ણુભાઈ નાયી
ન્યૂ એમ્પાયર હેર એન્ડ કેર
મેઘ મલ્હાર, સેક્ટર-૧૧
મો. ૯૭૨૩૮ ૯૪૩૦૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઇચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) અને શ્રીહરિ ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ (અંગ્રેજી માધ્યમ) શાળામાં તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્ર ભાષા હિન્દીનું ગૌરવ દર્શાવતા ચાર્ટ અને પ્રોજેક્ટ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા તથા હિન્દી ભાષામાં અમૂલ્ય યોગદાન આપનાર ભારતના મહાન કવિઓ અને સાહિત્યકારોને પણ આ પ્રસંગે યાદ કરી તેમની કૃતિઓને રજૂ કરવામાં આવી હતી. તથા હિન્દી દિવસની ઉજવણીના ભાગરૂપે હિન્દી ભાષામાં હાસ્ય કવિ સંમેલન પણ રાખવામાં આવેલ હતુ. આમ હિન્દી દિવસની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર ભાષાની મહત્વતા અને તેની ભવ્યતાની સમજણ કેળવવાનો પ્રયાસ શાળા દ્વારા કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શ્રેષ્ઠ ઉજવણી માટે ટ્રસ્ટી શાસ્ત્રી રામકૃષ્ણ સ્વામીજીએ અને શાળાના આચાર્ય ઉમંગભાઈ વસાણીએ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ હિન્દી દિવસની ઉજવણીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગણેશ ઉત્સવ-હિન્દી દિવસ નિમિત્તે કાર્યક્રમનું આયોજન

ગાંધીનગરની એસ. જી. પ્રાથમિક શાળામાં બુધવારના રોજ ધોરણ-૧ થી ૪ અને ધોરણ-પથી૮ ના બાળકો માટે ગણેશ ઉત્સવ અને હિન્દી દિવસ નિમિતે કાર્યક્રમ યોજાયો હતો..આ કાર્યક્રમ અંતર્ગત હિન્દી દિવસ નિમિતે વક્તવ્ય તેમજ ગણેશ ઉત્સવ નિમિત્તે નાટક અને ડાન્સનો કાર્યક્રમ યોજાયો હતો. બાળકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ઓમ લેન્ડમાર્ક સ્કૂલનાં બાળકો તથા શિક્ષકોનું યુવા ઉત્સવમાં શ્રેષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૬

તાજેતરમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા યુવા ઉત્સવ ૨૦૧૬-૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઝોન કક્ષાની સ્પર્ધામાં ઓમ લેન્ડમાર્ક સ્કૂલનાં બાળકો તથા શિક્ષકો દ્વારા શ્રેષ્ઠ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અંજલિ દિલીપસિંહ રાઠોડનો નિબંધમાં પ્રથમ, દિપલ પ્રકાશચંદ્ર ત્રિવેદી અને વિલોચના બામણિયાનો ચિત્રમાં પ્રથમ, જાનકી નરેન્દ્રભાઈ પટેલનો વક્તૃત્વમાં પ્રથમ, કૃતિજ્ઞા સુરેશભાઈ ચૌધરી તથા અન્ય સહાયકોનો લગ્નગીતમાં દ્વિતિય, કૃતિ શંકરભાઈ પલાસનો નિબંધ સ્પર્ધામાં ત્રીજો ક્રમ તથા શિક્ષકોમાં પ્રજ્ઞેશભાઈ દરજીનો લોકવાદ્યમાં પ્રથમ અને ભાવિક જગદીશભાઈ રાવલનો પાદપૂર્તિમાં પ્રથમ ક્રમ આવ્યો હતો. તમામ કૃતિઓ માટે સંગીત શિક્ષક હર્ષદભાઈ પટેલનો સક્રિય સહયોગ પ્રાપ્ત થયો હતો. શાળા પરિવારે તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

સંત મોરારિબાપુ અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ભારતીય મહિલા વિશ્વકોશના ભગીરથ કાર્ય માટે અમદાવાદ ખાતે ડૉ. ટીના દોશીને શિક્ષણક્ષેત્રે ઉજ્જવળ અને સંનિષ્ઠ સેવા બદલ ઈન્દ્રબા ભોગીન્દ્રરાવ દિવેટીયા એવોર્ડથી વિભૂષિત કરાયાં હતાં. મંચસ્થ મહાનુભાવમાં ૧૯૧૭માં સંસ્થાપિત ગુજરાત સ્ત્રી કેળવણી મંડળનાં ૯૪ વર્ષીય અધ્યક્ષ વસુબહેન છે.

છાવણીમાં ફેરવાયુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ દરમ્યાન સુરક્ષા વ્યવસ્થામાં ક્યાય કોઈ કચાસ ન રહે તેનુ ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યુ છે. શહેરનાં તમામ ગેસ્ટ હાઉસ હોટલનાં મુલાકાતીઓનું રજીસ્ટર તપાસી મુલાકાતીઓની અવર જવર પર વોચ રાખવામાં આવી રહી છે. તે ઉપરાંત શહેરનાં તમામ પ્રવેશદ્વારો પર સઘન વાહન ચેકીંગ શરુ કરવામાં આવ્યુ છે. મોદી સાહેબની સુરક્ષા વ્યવસ્થામાં કોઈ ખામી ન રહે તેની બારીકાઈથી કાળજી રાખવામાં આવી છે. આજે સવારે પી.એમ. જે બુલેટપ્રુફ ગાડીમાં આવનાર છે તે ગાડી તેમના નિયત કરેલા રુટ પર દોડાવીને પોલીસ બંદોબસ્ત ગોઠવીને રિહર્સલ પોલીસ દ્વારા કરવામાં આવ્યુ હતુ. પી.એમ. ગાંધીનગરમાં બપોર સુધી રહે તેવી શક્યતા છે ત્યા સુધી શહેર પોલીસ છાવણીમાં ફેરવાયેલુ રહેશે. શક્ય છે કે પી.એમ.ની અવર જવર દરમ્યાન તે રુટ વાહનચાલકો માટે થોડો સમય બંધ પણ કરવામાં આવે...!

અંધારપટ્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવેશવાના વિસ્તારમાં પણ વગડા જેવી સ્થિતિ સર્જાઇ છે. અંધારાના સામ્રાજયના લીધે સિનિયર સિટીઝન્સ અને મહીલાઓમાં ભયની લાગણી વ્યાપી છે. જયારે નવા સેકટરોમાં પણ સેકટરોના આંતરિક માર્ગો પર સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા નાગરિકો ગમે ત્યારે રખડતા ઢોરની ઝપટે ચઢે તેવી ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે.બીજીબાજુ સેકટરોમાં ચામાસાના અંતે વૃક્ષોની ડાળીઓ નમી પડી છે. જયારે સ્ટ્રીટ લાઈટના પોલ્સને આડશ બનતી ડાળીઓના લીધે કેટલાક ઠેકાણે લાઈટો ચાલુ હોવાછતા અજવાળાનો અભાવ વર્તાય છે. એકબાજુ સેકટરોમાં આગામી નવરાત પર્વની ઉજવણીની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ત્યારે સેકટરોમાં અંધારપટ્ટ અને વૃક્ષોના ટ્રીમીંગના અભાવે રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. સેકટરોમાં ત્વરિત અસરથી બંધ સ્ટ્રીટ લાઈટો શરૂ કરવા તેમજ વૃક્ષોનુ ટ્રીમીંગ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ડાયરેક્ટ ❤ સે

લોકો મોબાઈલમાં ગેમ રમતી વખતે હારી જાય તો જ્યાં સુધી જીતે નહીં ત્યાં સુધી નિરાશ થયા વગર રમ્યા જ કરે છે.

મોબાઈલ ગેમ માટે આપણે આવું કરી શકીએ તો જીવન માટે કેમ નહીં?

સાહેબ, એટલે જ કહું છું કે લડી લેવું જ્યાં સુધી હૃદયમાં થોડીઘણી પણ 'હોપ' હોય, ભલે ને પછી સામે ગમે તેવી મોટી 'તોપ' હોય!

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૨
રાઝ રિબૂટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩
બાર બાર દેખો
૧.૦૦
સ્ક્રીન-૩
ધી શેલોઝ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
ધી શેલોઝ (હિન્દી)
૫.૪૫, ૯.૪૫
સ્ક્રીન-૪
ફિકી અલી
૧૨.૪૫
બાર બાર દેખો
૩.૪૫, ૯.૩૦
કૉલેજ બસ (ગુજરાતી)
૬.૪૫
સ્ક્રીન-૫
રાઝ રિબૂટ
સવારે ૧૦.૦૦
પિન્ક
૧.૦૦,૪.૦૦,૧૦.૦૦
ફિકી અલી
૭.૦૦

વિસ્તાર વધ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતુ જ હોય છે તેવુ કહેતા ખેડૂતો હજુ પણ વરસાદનો સારો રાઉન્ડ જિલ્લાની ખેતી માટે લાભદાયક રહે તે રીતે આવશે તેવી આશા ધરાવે છે. જિલ્લામાં ગત વર્ષે ચોમાસા દરમ્યાન ૬૪૧ મિ.મિ. વરસાદ નોંધાયો હતો જ્યારે આ વર્ષે ૫૭૦ મિ.મિ. જ વરસાદ થયો છે અને જે રીતે ઉકળાટ તેમજ ગરમી છે તે જોતાં હજુ સારો વરસાદ થશે તેમ ખેડૂતો માની રહ્યા છે.

જિલ્લામાં આ વર્ષેશાકભાજીનું વાવેતર ૧૧,૩૬૦હેક્ટર, દિવેલાનું વાવેતર ૨૩,૮૭૭ હેક્ટર, કઠોળ પાકોનું વાવેતર ૭૬૦૦ હેક્ટર વિસ્તારમાં નોંધાયું છે. આ ઉપરાંત જિલ્લામાં પહેલીવાર સોયાબીનની ખેતી પણ ૨૧ કિ.મી. વિસ્તારમાં થઈ છે. મગફળી ૫૩૬૬ હેક્ટર તેમજ તલનું વાવેતર ૩૬૭ હેક્ટર વિસ્તારમાં નોંધાયુ છે.

જિલ્લામાં વરસાદની પેટર્ન બદલાઈ તેની સાથે પાક પેટર્નમાં આવેલો બદલાવ પણ મહત્વનો છે.

ફરી બળવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપ ૧૧ અને બે અપક્ષ ધારાસભ્યો છે. કોંગ્રેસના બે ધારાસભ્યોની સ્થિતિના સંદર્ભમાં હજુ કોઇ નિર્ણય લેવાયો નથી. તેઓએ રાજકીય ઘટનાક્રમથી પહેલા રાજીનામા આપી દીધા હતા. ખાંડુ અને તેમના સમર્થક પીપીએમમાં જોડાઈ ગયા બાદ પીપીએમ ઉત્તર-પૂર્વ લોકતાંત્રિક ગઠબંધનનો હિસ્સો બની જશે. આ ગઠબંધનની રચના મે ૨૦૧૬માં અમિત શાહે કરી હતી. હજુ ભાજપ તરફથી ધારાસભ્ય હેમંત વિશ્વાસ આ ગઠબંધનનું નેતૃત્વ કરી રહ્યા છે. કેન્દ્રીયમંત્રી કિરણ રિજીજુએ આને કોંગ્રેસની નિષ્ફળતા તરીકે ગણાવીને કહ્યું છે કે, કોંગ્રેસ પોતાની નિષ્ફળતાને ભાજપ ઉપર મુકવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. જો મુખ્યમંત્રી અને મંત્રીઓને પોતાના ટોપ લીડરશીપને મળવા માટે દિલ્હીમાં કેટલાક દિવસ સુધી રોકાવવાની ફરજ પડે તો આવી સ્થિતિમાં આ સભ્યો પાર્ટીમાં કઈ રીતે રહેશે.

દીકરો વડાપ્રધાન થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતો. બીજા છોકરાઓ ખૂબ રડે, આ ભાઈ ખૂબ ઓછું રડે. તેણે ખાસ તોફાન કર્યા હોય તેવું પણ મને યાદ નથી. કોઈની સાથે તેને ઝઘડો થયો હોય તેવું પણ ઓછું બનતું. હા, એક વાત ખરી, બીજાનો ઝઘડો પોતાના માથે લઈ લે. કોઈને અન્યાય થતો હોય કે ક્યાંય કશું ખોટું થતું હોય તો તેને ચચરી જાય અને તે સહન કરે નહિ.

નાનપણથી જ તેને શરીરને ખૂબ સ્વચ્છ રાખવાની ટેવ. સુઘડ ઘણો. તેને ગંદકી ગમે નહિ. કપડાં વ્યવસ્થિત પહેરવા જોઈએ. તેને જેવું તેવું કશું ન ચાલે. સ્કૂલમાં હતો ત્યારે કપડાં ઈસ્ત્રી કરેલાં પહેરીને જવાનું મન થાય એટલે તેણે એક યુક્તિ શોધી કાઢેલી. રોજ રાત્રે કપડાં સરસ રીતે ઘેડ પ્રમાણે વાળીને ગાદલાં નીચે મૂકી દે. સવારે જાણે કે કપડાંને ઈસ્ત્રી કરી હોય તેવું લાગે. એવા કપડાં પહેરીને સ્કૂલમાં જાય એટલે દોસ્તારો પૂછે કે તું તારા કપડાને ઈસ્ત્રી ક્યાં કરાવે છે? ટૂંકમાં તેને બધુ વ્યવસ્થિત જોઈએ અને સ્વનિર્ભર અને સ્વમાની પણ ઘણો.

થોડોક મોટો થયો એટલે અમારા ગામના શર્મિષ્ઠા તળાવમાં નહાવા જતો હતો. એ નહાવા જાય એટલે પોતાના કપડા જાતે જ ધોઈને આવે. પોતાનું કામ જાતે જ કરવાનું તેને ગમે. પોતાના માટે બીજા કોઈને તકલીફ પડે તેવું તેને ન ગમે. આ વસ્તુ તેને કોઈએ શીખવાડી નથી, તેનામાં જાતે જ આવી છે.

હીરાબા નરેન્દ્રભાઈની વાત કરતી વખતે ખૂબ આનંદિત થઈને વાતો કરે છે, નિરાંતમાં વાત કરે છે. તેમને નરેન્દ્રભાઈની વાતો કરવાનું ખૂબ ગમે છે. તેઓ કહે છે મને ઘણી વાર નવાઈ લાગતી કે આ છોકરો ક્યાંથી બધું શીખી લાવે છે? અમે ઘરમાં કોઈ વસ્તુ લાવીએ તો તે તરત જ કહે કે જેટલી જરૂર હોય તેટલું જ લાવો, ઘરમાં ખોટો સંગ્રહ ન કરશો. દેશમાં હજારો લોકો ચીજવસ્તુઓ વગર તડપતા હોય ત્યારે આપણે ઘરમાં વસ્તુઓનો ઢગલો કરીએ તે કેટલું વાજબી ગણાય? હીરાબા ઉમેરે છે, મને બરાબર યાદ છે, જ્યારે તેણે આ વાત પહેલી વખત કરી ત્યારે તેની ઉંમર ૧૦-૧૨ વર્ષની હતી. મને એ વખતે થયેલું કે આવું બધું ક્યાંથી શીખી લાવે છે, પણ પછી ધીમે ધીમે સમજાયું હતું કે તેનું વ્યક્તિત્વ જ જુદુ છે.

અમે પૂછીએ છીએ, એ વ્યક્તિત્વ એટલી હદ સુધી દેશપ્રેમી બને કે દેશ માટે ઘર છોડી દેવા તૈયાર થાય ત્યારે એક 'મા' તરીકે તમને કેવી લાગણી થઈ હતી? હીરાબા થોડી વાર કશુ બોલતાં નથી. એમની આંખનો એક ખૂણો સહેજ ભીનો થઈ જાય છે, પણ એ કળવા દેતાં નથી. પૂર્વવત્ સ્વસ્થતાથી વાતનો દોર પાછો સાંધી લેતાં તેઓ કહે છે, આંચકો તો લાગે જ ને? મને પણ જ્યારે તેણે પોતાનું જીવન દેશને ચરણે ધરી દઈને ઘર છોડવાનું નક્કી કરેલું ત્યારે આંચકો લાગેલો, પણ પછી મેં મારી જાત સંભાળી લીધી હતી.

આટલું બોલી તેઓ ખૂબ ઉત્સાહમાં, ના, પૂરેપૂરા ગૌરવથી કહે છે: મને ગર્વ છે કે મારો નરેન્દ્ર લોકોનાં કામ કરી રહ્યો છે, દેશ માટે જીવી રહ્યો છે. તેણે પોતાનું જીવન પૂરા દિલથી દેશને ચરણે ધર્યું છે. જ્યારે તેણે નિર્ણય કર્યો કે હું હવે દેશ માટે જીવીશ. બસ પછી તેણે આ નિર્ણયનો પૂરેપૂરો અમલ કર્યો છે. જે માતાનાં સારાં નસીબ હોય તેની કૂખે આવો દીકરો અવતરે.

આટલું કહી તેઓ જાણે કે નરેન્દ્રભાઈના વિચારોમાં ખોવાઈ જાય છે. કહે છે, 'તે ખૂબ હિંમતવાળો છે, તેનામાં કુદરતી રીતે જ ઘણી શક્તિઓ છે. તે એક વાર નક્કી કરે કે મારે અમુક કામ કરવું છે તે પછી કરીને જ જંપે. અવરોધો આવે તો ડરે નહિ, પડકારો આવે તોય પોતાનો નિર્ણય ફેરવે નહિ. જે કરવાનું છે તે કરવાનું જ. તેની અંદરની ઘણી તાકાત છે. આ તાકાતને જ કારણે તેણે પોતાના વિરોધીઓને હંમેશા પછાડ્યા છે. નાનપણમાં પણ આવું જ થતું. આજે પણ રાજકારણમાં તેણે અનેક વિરોધોનો સામનો કરવો પડે છે, પણ મને ચિંતા થતી નથી. મને વિશ્વાસ છે કે તે આગળ ને આગળ વધવાનો જ છે. હું તો નાનપણથી જ કહેતી હતી કે નરેન્દ્ર મોટો નેતા બનશે. બન્યો. મારો આત્મા તો એમ પણ કહે છે કે તે જરૂર દેશનો વડા પ્રધાન થશે. હા, પછી ધાર્યું તો ઘણીનું જ થાય છે, પણ તેનામાં ઘણી શક્તિ છે. એ શક્તિ ગુજરાત માટે, દેશ માટે કામમાં આવે તો મને ખૂબ ગમે.

નાનપણથી જ તે જવાબદાર બની ગયેલો. ઘરમાં બધાને મદદ કરતો, પિતાને કામકાજમાં સહાય કરતો. એટલું જ નહિ, ગામના લોકોને પણ ખૂબ મદદ કરતો. પહેલેથી જ પરગજુ સ્વભાવનો. આ સંસ્કાર ક્યાંથી આવ્યા એ ચોક્કસ કહેવું અઘરૂ છે, પણ તેના સ્વભાવમાં મૂળમાં જે આ ભાવ પડેલો હતો તે જ કદાચ તેને જાહેર જીવનમાં ખેંચી ગયો અને તે જાહેર જીવનમાં લોકો માટે જ કામ કરી રહ્યો છે.

જ્યારે અમે તેમને પૂછ્યું કે તમારો દીકરો તમને ક્યારે મળવા આવે છે? તો જવાબ મળ્યો, કશુ જ નક્કી નહિ. તેના માટે દેશ પહેલો છે. લોકો પહેલા છે. પછી કુટુંબ, ક્યારેક ફોન કરીને ખબર પૂછી લે, પણ કોઈ ચોક્કસ સમયે મહિને કે વર્ષે મારી ખબર પૂછવા આવે, મને મળવા આવે એવું કશું નક્કી નહિ અને મને ખબર છે કે તેણે પોતાનું જીવન લોકોને આપી દીધું છે તો હવે મારો હક ઓછો થયો અને લોકોનો હક વધી ગયો.

હું તો એને ટીવી પર જોઈને રાજી થાઉં. હા, જો થોડા દિવસ ટેલિવિઝન પર તે જોવા ન મળે તો મને ન ગમે. મુખ્યમંત્રી તરીકે તેણે સોગંધ લીધા ત્યારે મને બોલાવી હતી. મારા આશીર્વાદ લીધા હતા.

નરેન્દ્રભાઈની કઈ કઈ કામગીર તમને વધારે ગમી રહી છે? એવો પ્રશ્ન સાંભળીને તેઓ તરત જ જવાબ નથી વાળતાં, પણ જવાબ આપતાં પહેલાં થોડી ચર્ચા કરે છે. પછી ટુકડે ટુકડે પોતાનો એક સળંગ જવાબ કહે છે. તેઓ કહે છે, તેણે કન્યાઓને કેળવણી આપવાનું કામ શરૂ કર્યું છે તે મહત્વનું છે. આજના બધા પુરૂષો પાગલ થઈ ગયા છે. ખરી શક્તિ સ્ત્રીઓ પાસે છે. અત્યાર સુધી આપણે સ્ત્રીઓને નહોતા ભણાવતા, હવે નહિ ચાલે. નરેન્દ્રએ આ જે કામ હાથ ઉપર લીધું છે તે ખૂબ મહત્વનું છે. એનાં ફળ ગુજરાતને ચોક્કસ ચાખવા મળશે.

આ ઉપરાંત તે લોકો માટે જે જુદી જુદી યોજનાઓ કરે છે તે સફળ બનાવીને જ રહેશે. તેને ખબર છે કે લોકોને શું જોઈએ છે. જે લોકો ખોટા હશે, વચેટિયા હશે, દંભી હશે તેને ક્યારેય તે વશ નહિ થાય. તે પોતાના મનનુ ધાર્યું કરશે. જ્યારે તેમને એવો સવાલ પુછાયો કે ઘણા લોકો એવી ફરિયાદ કરે છે કે નરેન્દ્રભાઈ તોછડા છે, લોકોને ઉતારી પાડે છે. નાનપણમાં પણ તેઓ આવા હતા? તોછડા છે એમ કેવી રીતે કહેવાય? એ સ્પષ્ટવક્તા છે. એને જે સાચુ લાગે તે કહી જ દે. મારા તો પાંચેપાંચ છોકરાઓ એવા છે. મારો સ્વભાવ પણ એવો છે. લોકો જો સાચુ સહન ન કરી શકે તો એમાં બોલનારનો વાંક કેવી રીતે કહેવાય?

હીરાબા પોતાના સૌથી નાના દીકરા પંકજભાઈ સાથે ગાંધીનગર પાસે રાયસણમાં આનંદથી રહે છે. આ ઘર તો નવું છે. પહેલાં તો તેમનો આખો પરિવાર એક નાનકડા ઘરમાં રહેતો. હીરાબા કહે છે, અમે દુઃખના ખૂબ દહાડા જોયા છે, પણ એ તો બધું ચાલ્યા કરે. હીરાબા પોતાના શરીરને સાચવે છે. જોકે હવે ક્યાંય બહાર જવાની એમની ઈચ્છા નથી. બદરીનાથ, કેદારનાથ સહિત કેટલાંક તીર્થધામોની યાત્રા કરી છે. હવે કહે છે, આ ઉંમરે અને આ શરીરે હવે મારે ક્યાંય જવું નથી. કહે છે, મને સંપૂર્ણ સંતોષ છે.

જેમનો દીકરો સમગ્ર વિશ્વમાં પોતાના રાષ્ટ્રનું નામ ગજવતો હોય, તેની માતા સંતોષી હોય તે સાવ સ્વાભાવિક છે.

આલેખન : રમેશ તન્ના

● **તસવીર : વિરેન્દ્ર રામી, મહેસાણા**